પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૯૯ | ૧૦ જાન્યુઆરી, ૨૦૨૨, સોમવાર; પોષ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોનાના ૫,૯૦,૬૧૧ એક્ટિવ કેસ

## ૨૪ કલાકમાં ૧,૫૯,૬૫૩ કોરોનાના નવા કેસ નોધાયા : અત્યાર સુધીમાં કુલ ૩,૪૪,૫૩,૬૦૩ લોકો સ્વસ્થ્ય થયા


નવી દિલ્હી, તા.૯

કોરોના વાયરસના કેસ દેશમાં કૂદકેને ભૂસકે વધી રહ્યા છે. કોરોના વાયરસની પહેલી અને બીજી લહેરના આતંક પછી ત્રીજી લહેરમાં તેના વિશે વિચારીને પણ રૂવાટા ઉભા થઈ જાય છે. વર્ષ ૨૦૨૨ની શરૂઆતથી વધી રહેલા કોરોના કેસને લઈને જણાવવામાં આવી રહ્યું છે કે ત્રીજી લહેર આવી ચૂકી છે. આજની વાત કરીએ તો છેલ્લાં ૨૪ કલાકમાં ૧,૫૯,૬૫૩ નવા કોરોનાના નવા કેસ નોધાયા છે. તે દરમિયાન ૪૦,૮૬૩ લોકો સ્વસ્થ્ય થયા છે અને ૩૨૭ લોકોના મોત નિપજ્યા છે. વર્તમાન સ્થિતિમાં દેશમાં કોરોનાના કુલ સક્રિય કેસ ૫,૯૦,૬૧૧ છે, જ્યારે અત્યાર સુધીમાં કુલ ૩,૪૪,૫૩,૬૦૩ લોકો સ્વસ્થ્ય થઈને કોરોનાને માત આપવામાં સફળ રહ્યા છે અને દેશમાં કુલ ૪,૮૩,૭૯૦ લોકોના મોત થયા છે.

દેશમાં પોઝિટિવિટી રેટની વાત કરીએ તો ૧૦.૨૧% પર પહોંચ્યો છે. પહેલા અને બીજા ડોઝની રસીની વાત કરીએ તો છેલ્લાં ૨૪ કલાકમાં ૧૫૧.૫૮ કરોડનું રસીકરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે હાલના સમયે દેશમાં ભલે કોરોનાનો આંતક લોકોને ડરાવી રહ્યા હોય, પરંતુ નવા અભ્યાસમાં ગાણિતિક મોડેલિંગના આધારે એવી ગણતરી કરવામાં આવી છે કે જાન્યુઆરીના ત્રીજા અને ચોથા સપ્તાહમાં કોરોના વાયરસના ઓમિક્રોન વેરિઅન્ટના સૌથી વધુ કેસ હશે. અને પછી માર્ચની શરૂઆત સુધીમાં ઘટવા લાગશે. આ ગાણિતિક મોડેલ ભૂતકાળના ચેપ, રસીકરણ અને નબળી પ્રતિરક્ષાને પણ ધ્યાનમાં લે છે. ભૂતકાળના ચેપ અને રસીકરણ હોવા છતાં, વસ્તીનો મોટો ભાગ હજુ પણ સરળતાથી નવા વેરિયન્ટનો શિકાર બની શકે છે. અભ્યાસના મતે, વાયરસનો સરળતાથી શિકાર બનેલા લોકોની સંખ્યા કે બીમાર, વૃદ્ધ અને નબળી રોગપ્રતિકારક શક્તિવાળા વિશેના જુદા જુદા અંદાજોના આધારે દરરોજ ૩ લાખ, ૬ લાખ અથવા ૧૦ લાખ કેસ નોંધવામાં આવી શકે છે.

## મહારાષ્ટ્રમાં રાજ્ય સરકારે પ્રતિબંધોમાં કર્યા થોડા ફેરફાર

**વેક્સીનના બંને ડોઝ લઈ ચૂકેલા લોકોને જ મળશે પ્રવેશ : બ્યુટી સલુનને વાળ કાપનારા સલુન સાથે જોડી દેવાશે અને ૫૦ ટકા ક્ષમતા સાથે ખુલ્લા રાખવા દેવામાં આવશે**



મુંબઈ, તા.૯

મહારાર્ષ્ટ્રમાં કોવિડ-૧૯ના વધતા કેસોને જોતા રાજ્ય સરકારે કોરોના પ્રતિબંધોમાં ઘણા નવા ફેરફાર કર્યા છે. રવિવારે જાહેર કરેલી નવી ગાઈડલાઈન મુજબ બ્યૂટી સલુનને વાળ કાપતા સલુન સાથે જોડવામા આવશે અને ૫૦ ટકા ક્ષમતા સાથે ખૂલ્લા રહેવા દેવાશે. જિમ ૫૦ ટકા ક્ષમતા સાથે ખુલશે. માત્ર વેક્સિનેટેડ વ્યક્તિઓને જ આ સેવાઓનો ઉપયોગ કરવાની મંજૂરી હશે. શનિવારે તેને બંધ રાખવાનો આદેશ અપાયો હતો. નવી ગાઈડલાઈન્સ પહેલાની જેમ જ ૧૦ જાન્યુઆરીથી લાગુ કરાશે. નવી ગાઈડલાઈન મુજબ, મહારાષ્ટ્રમાં રાત્રે ૧૧ વાગ્યાથી સવારે ૫ સવાર સુધી નાઈટ કર્ફ્યુ રહેશે.

## દિલ્હીના સંસદ ભવનમાં સૌથી મોટો કોરોના વિસ્ફોટ

**એકસાથે ૪૦૦ કર્મચારીઓ સંક્રમિત થતા ખળભળાટ : ૬-૭ જાન્યુઆરીએ સંસદમાં કામ કરનાર કર્મચારીઓ, સુરક્ષાકર્મીચારીઓનો કોવિડ ટેસ્ટ કરવામાં આવ્યો હતો**

નવી દિલ્હી, તા.૯

કોરોના વાયરસે હવે દેશમાં આતંક ફેલાવવાનું શરૂ કરી દીધું છે. જેની સૌથી ખરાબ અસર દિલ્હીમાં થવા માંડી છે અને હવે સમાચાર મળી રહ્યા છે કે કોરોના સંક્રમણ સંસદ ભવન સુધી પહોંચી ચૂક્યું છે. ૬ અને ૭ જાન્યુઆરીએ સંસદમાં કામ કરનાર કર્મચારીઓ, સુરક્ષાકર્મીચારીઓનો કોવિડ ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં ૪૦૦થી વધુ લોકોના રિપોર્ટ પોઝિટીવ આવ્યા છે.

દેશભરમાં કોરોનાના કેસ વાયુવેગે વધી રહ્યા છે. છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૧,૪૧,૯૮૬ નવા કેસ સામે આવ્યા છે. આ નવા કેસ નોંધાતા દેશભરમાં કુલ કેસનો આંકડો ૪,૭૨,૧૬૯ થઈ ગયો છે. માત્ર એક દિવસ પહેલા એટલે કે શુક્રવારે કોરોના સંક્રમણના ૧,૧૭,૧૦૦ કેસ નોંધાયા હતા. સ્વાસ્થ્ય વિભાગના આંકડા પ્રમાણે, દેશમાં છેલ્લા ૧૧ દિવસમાં કોરોનાના દૈનિક કેસમાં ૨૧ ટકાનો વધારો નોંધાયો છે. જ્યારે દિલ્હીમાં કોરોનાતી ૭ લોકોના મોત થયા છે. એક દિવસમાં સંક્રમણના કેસમાં ૩ હજારનો વધારો નોંધવામાં આવ્યો છે. દિલ્હીમાં હાલ કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૪૮૧૭૮ પર પહોંચી ગઈ છે. સંક્રમણના કેસમાં એક વાર ફરીથી મહારાષ્ટ્ર ટોપ પર છે. છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં કોરોનાના ૪૧,૪૩૪ નવા કેસ નોંધવામાં આવ્યા છે. જ્યારે ૧૩ લોકોના મોત પણ થયા છે. આજ કારણે મહારાષ્ટ્રમાં ઉદ્ધવ સરકારે કડક નિયંત્રણો મૂકી દીધા છે.

નવા અંકુશોને લઈને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યું હતું કે, હું ફરીથી કહેવા માંગું છું કે અમે બિનજરૂરી ભીડને ભેગી થતી રોકવા માંગીએ છીએ, પરંતુ કોઈ લોકડાઉન કરવામાં આવશે નહીં.

તેમણે જણાવ્યું હતું કે, કોઈ પણ પ્રતિબંધ ત્યાં સુધી પ્રભાવશાળી નહીં નીવડે જ્યાં સુધી આપણે જાતે સમજીને ઝ્રેંદ્બ પ્રોટોકોલનું પાલન નહીં કરીએ. મારી તમામ લોકોને એક વિનંતી છે કે લક્ષણો પ્રત્યે સતર્ક રહો અને જલ્દીથી મેડિકલ સલાહ લો.

## દિલ્હીમાં લોકડાઉન લગાવવાનો કોઈ જ પ્લાન નથી : કેજરીવાલ

**હું તમામ લોકોને અપીલ કરૂ છું કે માસ્ક લગાવીને રાખે અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરે : કેજરીવાલ**



નવી દિલ્હી, તા.૯

દેશની રાજધાની દિલ્હીમાં વધતા કોરોના આંતકને રોકવા માટે નિયમો આકરા બનાવવામાં આવ્યા છે.

રવિવારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એક પ્રેસ કોન્ફરન્સ કરી. તેમાં કેજરીવાલે જણાવ્યું હતું કે દિલ્હીમાં હાલ લોકડાઉન લગાવવાનો કોઈ ઈરાદો નથી, પરંતુ તમામ લોકો માસ્ક લગાવીને રાખે અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરે.

સીએમ અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે તમારી બધાની પ્રાર્થનાઓથી હું સ્વસ્થ થઈ ચૂક્યો છું. હું ૭-૮ દિવસ હોમ આઈસોલેશનમાં રહ્યો. મને બે દિવસ સુધી તાવ હતો. હવે હું તમારી સેવામાં ફરીથી હાજર છું.

## આજથી કોરોના રસીના બૂસ્ટર ડોઝની શરૂઆત કરવામાં આવશે

**કોવિન પોર્ટલ પર નોંધણીની પ્રક્રિયા શરૂ થઈ : ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો અને ગંભીર બિમારીઓ સાથે જિંદગી જીવી રહેલા લોકોને બૂસ્ટર ડોઝ અપાશે**

નવી દિલ્હી, તા.૯

કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોને આખી દુનિયા સામે એક મોટો પડકાર રાખ્યો છે. જેમાં ભારત સહિત ઘણા દેશોમાં કોરોનાની નવી લહેર જોવા મળી રહી છે. એવામાં લોકોને સુરક્ષિત રાખવા અને તમામ સ્વાસ્થ્ય સુવિધાઓ સાથે સજ્જ રહેવું તે કોઈ મોટા પડકારથી ઓછું કામ નથી. આજ કારણ છે કે બે કોવિડ વેક્સીનના ડોઝ લઈ ચૂકેલા લોકોને બૂસ્ટર ડોઝ આપીને તેમની ઈમ્યુનિટી વધારવાની વાત થઈ રહી છે. ભારતમાં પણ સ્વાસ્થ્યકર્મીઓ, ફ્રન્ટલાઈન વર્કર અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો અને ગંભીર બિમારીઓ સાથે જિંદગી જીવી રહેલા લોકોને કોરોનાનો બૂસ્ટર ડોઝ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સુરક્ષાના ભાગરૂપે બૂસ્ટર ડોઝ માટે શનિવારે સાંજે કોવિન પોર્ટલ (ર્ઝ-ઉૈંહ ઙ્ઘિં) પર નોંધણીની પ્રક્રિયા શરૂ થઈ છે. શનિવારે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ થતાં જ સોમવાર ૧૦ જાન્યુઆરીથી આ શ્રેણીના લાભાર્થિઓને બૂસ્ટર ડોઝ આપવાની શરૂઆત કરવામાં આવશે. નેશનલ હેલ્થ મિશનના એડિશનલ સેક્રેટરી અને મિશન ડાયરેક્ટર વિકાસ શીલે શનિવારે એક ટ્વીટમાં જણાવ્યું હતું કે, ’કોવિડ પર આરોગ્ય કર્મચારીઓ અથવા ફ્રન્ટલાઈન કર્મચારીઓ અને નાગરિકો (૬૦થી વધુ) માટે બૂસ્ટર ડોઝ માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટની સુવિધા હવે શરૂ થઈ રહી છે. એપોઈન્ટમેન્ટ બુક કરવા માટે, કૃપા કરીને કોવિન પોર્ટલની મુલાકાત લો.

## શિમલા, કાશ્મીર, બદ્રીનાથ.. ચારે બાજુ બરફની ચાદર પથરાઈ ગઈ

નવી દિલ્હી, તા.૯

ઉત્તર ભારતમાં અત્યારે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. કાશ્મીરથી લઈને ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના અમુક વિસ્તારોમાં પાછલા થોડાક દિવસોથી સતત હિમવર્ષા થઈ રહી છે. હિમવર્ષાને કારણે પ્રવાસીઓ ખુશ થઈ ગયા છે અને ત્યાં સુંદર દ્રશ્યોની મજા માણી રહ્યા છે. ચારેબાજુ બરફની સફેદ ચાદર પથરાયેલી જણાઈ રહી છે. આ સમયે ફરવા ગયેલા ટૂરિસ્ટ ખુશ થઈ ગયા છે. જો કે હિમવર્ષાને કારણે સામાન્ય લોકોના જીવન પ્રભાવિત થયા છે. ફ્લાઈટ્સ પણ રદ્દ થઈ છે.

હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં વર્ષ ૨૦૨૨ની પ્રથમ હિમવર્ષા શનિવારના રોજ થઈ હતી. ત્યારપછીથી અહીં બરફ પડી રહ્યો છે. શિમલાની સાથે સાથે ધ રિજ, બેનમોર અને સંજોલિ સહિત રાજ્યના અન્ય ઉપરના વિસ્તારોમાં પણ હિમવર્ષા થઈ છે. લાહૌલ-સ્પિતિ, કિન્નૌર, પાંગી અને ચંબા જિલ્લાના ભરમૌરમાં પણ હિમવર્ષા થઈ છે.શિમલા અને હિમાચલ પ્રદેશના અન્ય વિસ્તારોમાં થયેલી હિમવર્ષાની તસવીરો સોશિયલ મીડિયા પર છવાઈ છે. ત્યાં હાજર પ્રવાસીઓ તસવીરો અને વીડિયો શેર કરી રહ્યા છે.

## દેશમાં વધતા કોરોનાના કેસો મામલે પ્રધાનમંત્રી મોદીની સમીક્ષા બેઠક

**કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી માંડવિયા સોમવારે બેઠક કરશે : પ્રધાનમંત્રી મોદીએ વીડિયો કોન્ફરન્સ દ્વારા યોજાયેલી બેઠકમાં કોવિડ-૧૯ની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી**

નવી દિલ્હી, તા.૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે દેશમાં વધી રહેલા કોરોના સંક્રમણને કારણે ઉભી થયેલી સ્થિતિને લઈને એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી છે. વીડિયો કોન્ફરન્સ દ્વારા યોજાયેલી આ બેઠકમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયા, ગૃહ મંત્રી અમિત શાહ, કેન્દ્રીય ગૃહ સચિવ, કેબિનેટ સચિવ, સ્વાસ્થ્ય સચિવ અને કોવિડ ટાસ્ક ફોર્સના અધિકારીઓ હાજર રહ્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે બેઠકમાં કોરોનાના નવા વેરિએન્ટને કારણે ઉભી થયેલી સ્થિતિની સીક્ષા કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી મળેલી જાણકારી અનુસાર પ્રધાનમંત્રીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી થયેલી આ બેઠકમાં કોવિડની સ્થિતિની સમીક્ષા કરી. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે કોવિડ-૧૯ ના નવા સ્વરૂપ ઓમિક્રોન સંક્રમણના ૫૫૨ નવા કેસ સામે આવ્યા બાદ દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૩૬૨૩ થઈ ગયો છે.



ભારતમાં ઓમિક્રોન વેરિએન્ટ સંક્રમણના ૫૫૨ નવા કેસ સામે આવ્યા બાદથી દેશના ૨૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કોરોના વાયરસના આ વેરિએન્ટથી અત્યાર સુધી સંક્રમિતોની સંખ્યા વધીને ૩૬૨૩ થઈ ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલે જાહેર કરેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧,૫૯,૬૩૨ કેસ સામે આવ્યા છે, જે છેલ્લા ૨૨૪માં સામે આવેલા સર્વાધિક દૈનિક કેસ છે. દેશમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને પોલીસ કમિશ્નરનું જાહેરનામું ખાસ વાંચી લેજો નહી તો ઉતરાયણ પોલીસ સ્ટેશનમાં ઉજવવી પડશે થઈ ગઈ છે, જે આશરે ૧૯૭ દિવસમાં સર્વાધિક છે.

અગાઉ ગયા વર્ષે ૨૯ મેના રોજ સંક્રમણના ૧,૬૫,૫૫૩ કેસ નોંધાયા હતા. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૭ લોકોના મોત બાદ મૃત્યુઆંક વધીને ૪,૮૩,૭૯૦ થયો છે. ઓમિક્રોનના ૩,૬૨૩ કેસમાંથી ૧,૪૦૯ લોકો સાજા થઈ ગયા છે. મહારાષ્ટ્રમાં ઓમિક્રોનના સૌથી વધુ ૧,૦૦૯ કેસ નોંધાયા છે. આ પછી દિલ્હીમાં ૫૧૩, કર્ણાટકમાં ૪૪૧, રાજસ્થાનમાં ૩૭૩, કેરળમાં ૩૩૩ અને ગુજરાતમાં ૨૦૪ કેસ નોંધાયા છે.

દેશમાં દરરોજ કોરોના વાયરસના નવા કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. તેવામાં કેટલાક રાજ્યોના આંકડાએ ચિંતા ઉભી કરી દીધી છે. દેશમાં સતત વધી રહેલા કોરોના કેસને લઈને કેન્દ્ર સરકાર પણ એલર્ટ છે.

સૂત્રો પ્રમાણે દેશમાં કોરોનાની સ્થિતિને લઈને સોમવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયા રાજ્યોના સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે બેઠક કરશે.

### કોને કોને કોરોના

- ઝારખંડના મુખ્યમંત્રીના બંગલે ૧૬ કર્મચારીઓ સંક્રમિત.
- પંજાબના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. એસ. કરૂણા રાજુ સંક્રમિત.
- ભાજપના સાસંદ વરૂણ ગાંધી કોરોનાથી સંક્રમિત.
- મહારાષ્ટ્રના રેલ્વે વર્કશોપના મહાલક્ષ્મી એરીયામાં ૬૨ કર્મચારીઓ પોઝીટીવ.
- બોલીવુડ સિંગર અરજીતસિંગ અને તેમના પત્નિ કોરોનાથી સંક્રમિત.
- અમદાવાદ શહેર ભાજપના પ્રભારી ધર્મેન્દ્ર શાહ કોરોનાથી સંક્રમિત.
- કોંગ્રેસના બે ધારાસભ્ય સર્વ પ્રતાપ દુધાત અને અમરીશ ડેર કોરોનામાં સપડાયા.
- ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનના પત્નિ અને બંને બાળકો કોરોના પોઝીટીવ.
- ખેડા જિલ્લા કલેક્ટર કે.એલ. બચાણી કોરોનાથી સંક્રમિત.
- હરીયાણાના નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલા કોરોના પોઝીટીવ.
- મહારાષ્ટ્રમાં ૪૦૦થી વધુ તબીબો અને પુણેની બીજેજીએમસી હોસ્પિટલના ૧૦૦ ડૉક્ટરો ઉપરાંત મુંબઈની કેઈએન હોસ્પિટલના ૮૮ ડોક્ટરો પોઝીટીવ.

## ૧૧ વખત કોરોના વેક્સીન લેનાર વૃદ્ધની સામે FIR

નવી દિલ્હી, તા.૯

થોડા દિવસો પહેલા ખોટી રીતે ૧૧ વખત કોરોના વાયરસની વેક્સિન લીધા બાદ ચર્ચામાં આવેલા બિહારના ૮૪ વર્ષીય વૃદ્ધની ટૂંક સમયમાં ધરપકડ થવાની છે.

બિહારના મધેપુરા જિલ્લાના નિવાસી બ્રહ્મ દેવ મંડળ પર મધેપુરાના પુરેની પોલીસ સ્ટેશનમાં એફઆઈઆરનોંધાઈ છે. જિલ્લા સ્વાસ્થ્ય અધિકારી ડૉ વિનય કૃષ્ણ પ્રસાદે કરેલી આ ફરિયાદ બાદ બ્રહ્મ દેવ મંડળ સામે વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને હવે તેમની ધરપકડ માટેની કાર્યવાહી ચાલી રહી છે.

જાણકારી મુજબ બ્રહ્મ દેવ મંડળ વિરુદ્ધ ઙ્મની કલમ ૧૮૮,૪૧૯ ૪૨૦ અંતર્ગત કેસ નોંધવામાં આવ્યો છે જે બિનજામીનપાત્ર કલમો કહેવાય છે. જોકે, પોતાની ઉંમરનો ઉલ્લેખ કરીને બ્રહ્મ દેવ મંડળને ધરપકડ બાદ જમાનત પણ મળી શકે છે.

જણાવી દઈએ કે બ્રહ્મ દેવ મંડળ અંગે આ વાતનો મોટો ખુલાસો થયો હતો કે જ્યારથી કોરોના વાયરસની વેક્સિન આવી છે, ત્યારથી તેમણે પોતાના આધાર કાર્ડ કે વોટર આઈકાર્ડનો ઉપયોગ કરીને અત્યારસુધીમાં ૧૧ વખત વેક્સિન લઈ લીધી છે.

